# <u>કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલયની પ્રાથમિક માહિતી</u>

ઓગસ્ટ-૨૦૦૪ માં કેન્દ્ર સરકાર દ્વારા કસ્તુરબા ગાંધી બાલિકા વિદ્યાલય (કેજીબીવી) યોજના શરૂ કરવામાં આવી. જેનો હેતુ અતિ છેવાડાના દુર્ગમ વિસ્તારની અનુસૂચિત જાતિ,અનુસૂચિત જનજાતિ,અન્ય પછાત જાતિ અને લઘુમતિની કન્યાઓ માટે ઉચ્ચ પ્રાથમિક સ્તરે નિવાસી શાળા વ્યવસ્થા ઉભી કરવાનો છે. આ કેજીબીવી યોજના સર્વ શિક્ષા અભિયાન હેઠળ સ્વતંત્ર યોજના તરીકે ચાલી રહી છે.

આ યોજના શૈક્ષણિક રીતે પછાત તાલુકા જયાં સ્ત્રી સાક્ષરતા દર રાષ્ટ્રીય સ્તર દર કરતાં ઓછો (૪૬.૧૩%, ૨૦૦૧ વસ્તી ગણતરી) અને જેન્ડર ગેપ રાષ્ટ્રીય દર કરતાં વધુ (૨૧.૫૯%, ૨૦૦૧ વસ્તી ગણતરી)હોય તેવા તાલુકાઓમાં અમલીકૃત કરવામાં આવી છે. ઉપરાંત વધુ સંખ્યામાં નાની, છુટી છવાઇ વસ્તી જયાં પ્રાથમિક શાળા ઉપલબ્ધ નથી ત્યાં કુલ ૮૯ (નેવ્યાંસી) કેજીબીવી કેન્દ્ર સરકાર થી અને ૫૪ રાજ્ય સરકારથી કાર્યરત છે. આમ, હાલ રાજ્યમાં કુલ ૧૪૩ (ધો. ૬ થી ૮) કેજીબીવી કાર્યરત છે.

**કુલ - 3 પ્રકારના મોડેલની કેજીબીવી :**

- **મોડેલ-(૧) - (૧૦૦ કન્યાઓ + નિવાસી શાળા વ્યવસ્થા)**
- **મોડેલ-(૨) - (૫૦ કન્યાઓ + નિવાસી શાળા વ્યવસ્થા)**
- **મોડેલ-(3) - (૫૦ કન્યાઓ + નિવાસી વ્યવસ્થા + નજીકની પ્રાથમિક શાળામાં અભ્યાસ)**

**ધો.-૯ અને ૧૦ માટે કેજીબીવી અપગ્રેડેશન (માધ્યમિક શિક્ષણ માટેની કન્યાઓની નિવાસી વ્યવસ્થા)**

૧૪૩ કેજીબીવીમાંથી તબકકાવાર ૫૯ (ઓગણ સાહિઠ) કેજીબીવીને ધો.-૯ અને ૧૦ માટે અપગ્રેડ કરવામાં આવી છે. આ કન્યાઓ કેજીબીવીમાં નિવાસી વ્યવસ્થામાં રહી નજીકની સરકારી હાઇસ્કુલમાં અભ્યાસ કરે છે.